

વિકલ્પવાળા નિર્ણયમાં પણ હું વિકલ્પવાળો નહીં એમ તો પહેલાં દ્રઢતા કરે! નિર્ણય પાકો થતાં રાગ લંગડો થઈ જાય છે, રાગનું જોર તૂટી જાય છે. વિકલ્પ સહિતના નિર્ણયમાં સ્થૂળ વિપરીતતા અને સ્થૂળ કર્તૃત્વ છૂટી જાય છે અને પછી અંદર સ્વાનુભવમાં જતાં નિર્ણય સમ્યક્‌રૂપે થાય છે.

—સમ્યક્‌રત્નવિભૂષિત પૂજ્ય ગુરુદેવ


કહાન સં. ૧૯ સં. ૨૦૫૫ [ ૬૬૩ ] * **આત્મધર્મ** * [ અંક-૭ વર્ષ-૫૫ ] વીર સં. ૨૫૨૫ જાન્યુઆરી-૧૯૯૯

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જેવી રીતે પર્વતોમાં મેરુ, વૃક્ષોમાં કલ્પવૃક્ષ, ધાતુઓમાં સુવર્ણ, પીવા યોગ્ય પદાર્થોમાં અમૃત, રત્નોમાં ચિંતામણિ, જ્ઞાનોમાં કેવળજ્ઞાન, ચારિત્રોમાં સમતારૂપ ચારિત્ર, આપ્તોમાં તીર્થંકર, ગાયોમાં કામધેનુ, મનુષ્યોમાં ચક્રવર્તી અને દેવોમાં ઈન્દ્ર જ મહાન અને ઉત્તમ છે, તેવી રીતે ધ્યાનોમાં શુદ્ધ આત્મવસ્તુનું જ ધ્યાન, સ્મરણ, ચિંતવન સર્વોત્તમ છે. ૫૩૮.

*(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન–તરંગિણી, અધ્યાય–૨, ગાથા–૯)*

❀ અહો ! મારા હૃદયમાં સ્ફુરાયમાન આ નિજ આત્મગુણસંપદાને કે જે સમાધિનો વિષય છે તેને—મેં પૂર્વે એક ક્ષણ પણ જાણી નહિ. ખરેખર, ત્રણ લોકના વૈભવના પ્રલયના હેતુભૂત દુષ્કર્મોની પ્રભુત્વગુણશક્તિથી (દુષ્ટ કર્મોના પ્રભુત્વગુણની શક્તિથી) અરેરે ! હું સંસારમાં માર્યો ગયો છું (હેરાન થઈ ગયો છું). ૫૩૯.

*(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૧૯૮)*

❀ (અધ્યાત્મચિંતનરૂપ ધ્યાન માટે) ઉત્સાહ, નિશ્ચય (સ્થિર વિચાર), ધૈર્ય, સંતોષ, તત્ત્વદર્શન અને જનપદત્યાગ આ છ પ્રકારની બાહ્ય સામગ્રી છે. ૫૪૦.

*(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, મોક્ષ અધિકાર, ગાથા–૪૧)*

❀ આ મનુષ્ય શું વાનો રોગી છે ? શું ભૂત–પિચાશ આદિથી ગ્રહાયો છે ? શું ભ્રાંતિ પામ્યો છે ? અથવા શું પાગલ છે ? કારણ કે તે ‘જીવન આદિ વિજળી સમાન ચંચળ છે’ આ વાત જાણે છે, દેખે છે અને સાંભળે પણ છે તોપણ પોતાનું કાર્ય (આત્મહિત) કરતો નથી. ૫૪૧.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, અનિત્ય પંચાશત, શ્લોક–૪૭)*

❀ સૂરજને અંધારાએ ઘેરી લીધો—એમ શું ત્રણ લોકમાં કદી દેખ્યું છે કે સાંભળ્યું છે ?—ના. તેમ આત્મજ્ઞાની જીવને કર્મની જાળ ઘેરી લ્યે એમ કદી બનતું નથી. ૫૪૨. *(શ્રી નેમીશ્વર-વચનામૃત-શતક, શ્લોક–૯૯)*

❀ જે લેશ્યામાં જીવ મરણ પામે છે તે જ લેશ્યામાં તે ઉત્પન્ન થાય એવો એકાંત નિયમ છે. ૫૪૩. *(શ્રી ધવલા, પુસ્તક–૪, પાનું–૨૯૩)*

કહાન
સંવત-૧૯
વર્ષ-૫૫
અંક-૭
[૬૬૩]

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૨૫
સં. ૨૦૫૫
JAN.
A.D. 1999

## સર્વજ્ઞના પેટ બહુ ઊંડા છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૮૬)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૧૯મી ગાથામાં પુદ્ગલની વ્યાખ્યા ચાલે છે તેમાં શું કહે છે તે જુઓ!

૧૮મી ગાથામાં જ્ઞાનસ્વરૂપ આત્મદ્રવ્યની વાત આવી ગઈ છે કે આત્મા માત્ર જાણનાર છે. પરવસ્તુને આત્મા જાણે અને પરવસ્તુ જણાય એટલો જ જીવદ્રવ્યને પરની સાથે સંબંધ છે; આવા આ જ્ઞેય-જ્ઞાયક સંબંધ સિવાય જીવને પરની સાથે કાંઈ સંબંધ નથી.

હવે અહીં પુદ્ગલદ્રવ્યના ભગવાને છ પ્રકાર જોયા છે તેનું કથન કરે છે.

(૧) પત્થર, લાકડાં, તૃણ આદિ પદાર્થો 'બાદર બાદર' પ્રકારના પુદ્ગલ કહેવાય છે. પત્થર એ પુદ્ગલની સ્વતંત્ર દશા છે. તેનું કામ આત્મા કરી શકતો નથી અને આત્માને પત્થર કામમાં આવતાં નથી. તમારે લોઢાંના સંચા છે ને! તેનું કામ તમે કરી શકતા નથી એમ ભગવાન કહે છે. લોઢું તમને કામમાં આવતું નથી. રૂપિયા પણ આ પ્રકારમાં જ આવી જાય. રૂપિયા કમાવાનું કામ આત્મા કરી શકતો નથી. રૂપિયા આત્માને કામમાં આવી શકતા નથી.

શ્રોતા :—પૈસા કામમાં ન આવે તોપણ મમતા તો થાય ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—પૈસા મમતા કરાવવાનું કારણ નથી એમ પણ આગળ

આવશે. જીવ પોતે મમતા કરે છે, પૈસા તેને મમતા કરાવતાં નથી, પૈસામાં તો જીવના જ્ઞાનમાં પ્રમેય થવાનો ગુણ છે પણ મમતા કરાવવાનો ગુણ નથી.

લાકડાં પણ બાદર બાદર જાતના પુદ્‌ગલ છે. લાકડાંની અવસ્થા આત્માને કામમાં આવતી નથી અને આત્મા તેને કામમાં આવતો નથી. એ જ રીતે તૃણ આદિ કોઈ પુદ્‌ગલ આત્માને કામમાં આવતાં નથી. પુદ્‌ગલ સાથે જીવનો જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે તે સિવાય કાંઈપણ સંબંધ માને છે તેની દૃષ્ટિ મિથ્યા છે–પાપદૃષ્ટિ છે.

બાદર બાદર અવસ્થા પુદ્‌ગલથી પોતાથી થયેલી વર્તમાન અવસ્થા છે તેને બીજું કોઈ દ્રવ્ય કરતું નથી. આત્મા તેની વ્યવસ્થા કરી શકે તેમ નથી તેમ એ પુદ્‌ગલો પણ આત્માને જરાય કામમાં આવતાં નથી. આત્માના કાર્યમાં કોઈ પુદ્‌ગલો કારણ જ નથી.

આ તો પરમાત્માનું પ્રકાશ કરનાર શાસ્ત્ર છે ને ! બધી ચીજો આત્માના જ્ઞાનમાં જણાય છે. બસ ! કોઈ ચીજો આત્માને કામમાં આવે એવું વસ્તુનું સ્વરૂપ જ નથી. અજ્ઞાનીને પરવસ્તુ મારા કામમાં આવે છે એવું લાગે છે તે તેની મિથ્યાશ્રદ્ધાથી ઊભી થયેલી માન્યતા છે.

(૨) પાણી, ઘી, તેલ આદિ 'બાદર' જાતની પુદ્‌ગલની અવસ્થા છે તે છૂટું પડ્યાંની સાથે ભેગું થઈ જાય એવો પાણીનો સ્વભાવ છે, એવી કોઈ પણ પ્રવાહી ચીજ બાદર છે તે આત્માને કામમાં આવતી નથી.

તો તેનું કામ શું ?–કે, પરમાણુના સ્કંધની એવી પ્રવાહી અવસ્થા થઈ તે તેનું કાર્ય છે. તે આત્માને કામ આવતી નથી અને આત્મા તેનું કામ કરતો નથી. આમ ન માને ત્યાં સુધી તે અજીવને જીવ માને છે અને જીવને અજીવ માને છે, તેને જૈનદર્શનની ખબર નથી, તત્ત્વની શ્રદ્ધા નથી, તે મિથ્યાદૃષ્ટિ છે.

બાપુ ! તું તો જ્ઞાનસ્વરૂપ છો ભગવાન ! ત્રિલોકનાથ તીર્થંકર પરમદેવે તને જ્ઞાનસ્વરૂપ જોયો છે. તું તો જ્ઞાનસૂર્ય છો. જગતના પદાર્થોને તું તારા જ્ઞાનમાં જાણનારો છો પણ કોઈનું કાંઈ કામ કરી દે એવું તારું સ્વરૂપ નથી. જે વસ્તુ તારી નથી તે તારું કામ શી રીતે કરે ! પુદ્‌ગલો સ્વયં પોતાના કાર્યરૂપે પરિણમે છે, તે મારે કામના નથી એમ જાણ ત્યારે તે પુદ્‌ગલને પુદ્‌ગલરૂપે જાણ્યા કહેવાય. આત્માને પૈસાવાળો માને છે તેણે જીવ કે પુદ્‌ગલ કોઈને જાણ્યા નથી, ઓળખ્યા નથી. એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણનારા ભગવાન આમ ફરમાવે છે કે તું તો જ્ઞાનસ્વભાવનો ધણી છો તારા સિવાય આ પુદ્‌ગલો છે તેનો તું સ્વામી નથી, તેનો તું કર્તા નથી, તે તારા

કામમાં આવતાં નથી. છતાં તું તેનો સ્વામી થઈને ફરે છો તેથી મિથ્યા દૃષ્ટિથી તું દુ:ખી થઈ રહ્યો છો.

તમે ભલે કરોડપતિ કે અબજોપતિ કહેવાતાં હો પણ એ પૈસા તમારા કે તમારા વડિલના નથી. જ્યાં શરીર જ તમારું નથી તો પૈસા તમારા ક્યાંથી હોય ! એ તો પુદ્ગલની બાદર બાદર અવસ્થા છે તેનો ધણી જીવ નથી છતાં હું શરીરના કામ કરું છું અને શરીર મને કામ આવે છે એવી તારી બુદ્ધિ છે તે મૂઢબુદ્ધિ છે.

પુદ્ગલની પર્યાય બદલાય, પુદ્ગલ એક જગ્યાએથી બીજી જગ્યાએ જાય એ બધું પુદ્ગલનું કાર્ય કરે છે, હું કરતો નથી અને મારું કામ પુદ્ગલ કરી દેતું નથી એમ જીવથી જુદાં પુદ્ગલને જુદું જાણ ત્યારે જ તેં જીવ અને પુદ્ગલને જાણ્યા કહેવાય. જુદાં દ્રવ્યનું કામ આ દ્રવ્ય કરી દે એમ માને તો એ દ્રવ્યને જુદું જાણ્યું જ ન કહેવાય.

ભગવાનનો આવો નિરાળો માર્ગ જેને સાંભળવા પણ મળતો નથી તે સમજે ક્યાંથી ! બહારના કડાકૂટામાં જ જિંદગી ચાલી જાય.....

તેલ, ઘી આદિ બધાં પ્રવાહી પદાર્થનો સ્વભાવ એવો છે કે જુદું પડે અને તુરત ભેગું થઈ જાય છે. એ બાદર પુદ્ગલની અવસ્થા પુદ્ગલથી પોતાથી થાય છે તેને આત્મા કરી શકતો નથી. જુદી ચીજને આત્મા કરી શકે નહિ અને આત્માને જુદી ચીજ કરી શકે નહિ. આ જ વાત અહીં સિદ્ધ કરવી છે.

(૩) છાયા, આતપ, ચાંદની....એ બાદરસૂક્ષ્મ પ્રકારના સ્કંધ છે કે જે જોવામાં તો બાદર છે અને ગ્રહણ કરવામાં સૂક્ષ્મ છે. તડકો, છાયો આદિ જોઈ તો શકાય છે પણ પકડી શકાતાં નથી. એ પુદ્ગલનો એવો પર્યાય પુદ્ગલથી થયેલો છે તે જીવના કામમાં આવતો નથી. અરૂપી આત્માને જડ પ્રકાશ શું કામમાં આવે !

૯૧ની સાલમાં જામનગર ગયા હતાં ત્યારે કોઈ ૬ લાખનો મણિ જોવા લઈ ગયા હતા જેના કિરણથી રોગ મટી જાય છે. ધૂળેય રોગ ન મટે. એક દ્રવ્યની પર્યાય બીજાં દ્રવ્યની પર્યાયને કામમાં આવતી નથી. આમ ન માને તેણે બે દ્રવ્યોને એક માન્યા છે, જુદાં માન્યા નથી. તે જીવ મૂઢ છે. જીવને અજીવ માને તો મિથ્યાત્વ અને અજીવને જીવ માને તો મિથ્યાત્વ–એવો ગડિયો બોલી જવાથી મિથ્યાત્વ મટી જતું નથી.

(૪) આંખ સિવાયના ચાર ઇન્દ્રિયના વિષય જે રસ, ગંધ, શબ્દ આદિ છે તે સૂક્ષ્મ બાદર પ્રકારના સ્કંધની અવસ્થા છે કે જે જોઈ શકાતાં નથી પણ ગ્રહણ થઈ શકે છે. રૂપ આંખેથી જોઈ શકાય છે પણ રસ, ગંધ, શબ્દ આંખેથી જોઈ શકાતા

નથી. રસ જીભનો વિષય છે, ગંધ નાકનો વિષય છે. શબ્દ કાનનો વિષય છે પણ તે કોઈ વિષયો આંખેથી દેખાવા યોગ્ય નથી. માટે તેને સૂક્ષ્મ કહ્યાં અને ગ્રહણ થઈ શકે છે માટે બાદર કહ્યાં પણ તે બાદર સૂક્ષ્મ અવસ્થાઓ આત્માને કાંઈ કામની નથી. આત્માને તો પોતાના ગુણોની સવળી કે અવળી અવસ્થા કામમાં આવે છે. પરના લક્ષે થતી પોતાની અવળી અવસ્થા પોતાનું બૂરું કરે અને સ્વના લક્ષે થતી સવળી અવસ્થા પોતાનું ભલું કરે. બાકી બીજા દ્રવ્યની કોઈપણ અવસ્થા જીવને કામમાં આવતી નથી.

(૫) કર્મવર્ગણા છે તે સૂક્ષ્મ સ્કંધ છે, જે અનંત પુદ્ગલની મળેલી વર્ગણા હોય છે પણ દૃષ્ટિમાં આવતી નથી માટે તે સૂક્ષ્મ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, નામ, ગોત્ર, આયુ અને અંતરાય એ આઠ પ્રકારની કર્મવર્ગણા હોય છે પણ તે જીવને કાંઈ કામમાં આવતી નથી અને જીવ તેને કાંઈ કરી શકતો નથી.

ભગવાન આત્મા પુદ્ગલથી જુદો છે એમ કહેવું અને વળી પુદ્ગલની અવસ્થાને આત્મા કરે છે એમ કહેવું એ બે વાતમાં વિરોધ છે. જીવ પુદ્ગલને કામમાં આવે અને પુદ્ગલ જીવને કામમાં આવે એ વાત અશક્ય છે. લોકોને હંબક લાગે તેવી વાત છે પણ આ વસ્તુસ્થિતિ છે અને તે ભગવાનના જ્ઞાનમાં આવેલી છે. બે દ્રવ્ય તદ્દન ભિન્ન વસ્તુ છે.

જીવ શુભાશુભભાવ કરે ત્યારે વેદનીયકર્મ બંધાય છે તે કર્મની સ્વયં થતી અવસ્થા છે, જીવ તેને બાંધતો નથી. શાતા કે અશાતારૂપે વેદનીય કર્મ પોતાથી પરિણમે છે. એ જ રીતે વેદનીયનો ઉદય આવે તે આત્માને શાતા કે અશાતા કરે એમ નથી. શાતાવેદનીયના નિમિત્તે શરીરની નીરોગી અવસ્થા થાય તે જીવને હિતરૂપ છે એમ નથી અને એ કર્મવર્ગણાથી શરીરની અવસ્થા નીરોગ થાય છે એમ પણ નથી. કર્મ તો સૂક્ષ્મ સ્કંધ છે અને શરીર તો તેનાથી ભિન્ન બાદર બાદર સ્કંધ છે. બંનેની જાત જુદી છે. દવાના પરમાણુ પણ રોગને મટાડી શકતા નથી.

સાંભળવા આવે તો તો સમજવાનો અવકાશ રહે પણ જેણે સાંભળવાનું જ બંધ કર્યું તેને સમજવાનું રહેતું નથી. અનંતકાળ ગયો તેમ આ મોંઘો મનુષ્યભવનો કાળ પણ ચાલ્યો જાય છે. બે દ્રવ્યોની ભિન્નતા નક્કી કર્યાં વિના જીવની મુક્તિનો રસ્તો એના હાથમાં આવે તેમ નથી. જડ અને ચેતન ભિન્ન છે તેના ભાન વિના ધર્મ થઈ શકતો નથી. ધર્મ કરવો છે....ધર્મ કરવો છે....પણ સત્ય વસ્તુના જ્ઞાન વિના ધર્મ ક્યાંથી આવે !

અંદરમાં સૂક્ષ્મ એવું મોહકર્મ પડ્યું છે તે તારાથી થયું નથી અને એ મોહકર્મ

તારી પર્યાયને કરી શકતું નથી. વિકારી ભાવ તું સ્વતંત્રપણે કરે છો મોહકર્મ તને વિકારીભાવ કરાવતું નથી.

એ જ રીતે આયુકર્મ બંધાય છે. તે પણ પુદ્‍ગલની અવસ્થા છે માટે પુદ્‍ગલથી થાય છે તેને જીવે કરી નથી અને આયુકર્મ જીવને કામમાં આવતું નથી. આયુષ્ય હોય ત્યાં સુધી આ શરીરમાં રહેવાય, આયુ પૂરું થાય એટલે બીજી ગતિમાં જવું પડે એ બધું કહેવાય છે તે નિમિત્તનું કથન છે. જીવ પોતે પોતાની યોગ્યતાથી આ શરીરમાં રહે છે અને પોતાની યોગ્યતા પલટતાં આ શરીર છોડીને ચાલ્યો જાય છે. આયુકર્મ તો પુદ્‍ગલ છે તેની અવસ્થાને જીવ કરી શકતો નથી અને જીવની અવસ્થા તે કરી શકતું નથી.

હવે લઈએ નામકર્મની વાત : તેની ૯૩ પ્રકૃત્તિ છે તે બધી સૂક્ષ્મસ્કંધની અવસ્થા છે તે જીવને કામમાં આવતી નથી. એક જશકીર્તિ નામની પ્રકૃત્તિ છે તેના કારણે બીજાઓ આ જીવનો જસ ગાય છે એમ નથી, એ જસથી જીવની આબરું થાય છે એમ નથી. જીવને તો આ બધું માત્ર જ્ઞાનનું જ્ઞેય છે. કોઈ કર્મ જીવના કામમાં આવતાં નથી. જસ મળે એવી પ્રકૃત્તિ બાંધવી તે જીવનું કામ નથી.

આ બધી સ્થિતિનું લંબાણ કરીએ તો ઘણું છે પણ અહીં તો સામાન્યપણે તેના મૂળ સિદ્ધાંતો કહી દીધા છે. 'ચાર પૈસાની શેર વસ્તુ હોય તો મણના અઢી રૂપિયા થાય' એ સિદ્ધાંત પ્રમાણે બધાં વજનની કિંમત જાણી લેવાય, તેમ આ છ પ્રકારના પુદ્‍ગલો જીવના કામમાં ન આવે અને જીવ તેને કામમાં ન આવે એ મુખ્ય સિદ્ધાંત અનુસાર બધું સમજી લેવાનું.

'માળા' ફેરવે છે ને ! એ માળાના મણકા ફેરવવાનું કામ જીવનું નથી અને મણકા જીવને શુભભાવ કરાવી દેતા નથી એમ કહે છે. આ તો સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે કહેલું વીતરાગી વિજ્ઞાન છે તેની કથનપદ્ધતિ પણ કોઈ જુદી જ છે. જગતના વિજ્ઞાન તો બધાં આંધળા અને ખોટા છે. અનંતજ્ઞાન જેને ખીલ્યાં છે એવા સર્વજ્ઞ ભગવાન જગતના જીવોને એવું જ્ઞાન ખીલવાનો રસ્તો બતાવે છે બાપુ ! તું જાણનાર છો. જગતની ચીજને કામમાં આવે એવું તારું સ્વરૂપ નથી અને તને કામમાં આવે એવી જગતની ચીજ નથી.

શ્રોતા :—આ વાત અમલમાં મૂકવી બહુ અઘરી છે, કાંઈ છૂટે તેમ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :—વસ્તુસ્વરૂપ આમ છે એમ જાણવું એ જ તેનો પ્રથમ અમલ છે. છોડવા-મૂકવાનું કાંઈ નથી. જે પર છે તે પોતાના થયા જ નથી તેને છોડવાના

ક્યાં રહ્યાં? પરને પર જાણવા, મારા ન માનવા તે જ કરવાનું છે. પદાર્થો તારાથી દૂર ખસવા કે ન ખસવા એ તો પદાર્થનું કાર્ય છે, તારું કામ નથી. છ પ્રકારના પુદ્ગલોનું પરિણમન તેના પોતાથી થાય છે, મારાથી થતું નથી, મને કામમાં આવતું નથી, હું તેનું કામ કરતો નથી એવો નિર્ણય કરવો તેને જ અમલમાં મૂક્યું કહેવાય.

અહા! પુદ્ગલની જાત જ જુદી છે. નામકર્મની તીર્થંકરપ્રકૃત્તિ બંધાણી હોય તે પણ તે જીવથી બંધાણી નથી અને તે પ્રકૃત્તિનો ઉદય આત્માને કામ આવતો નથી. જો જુદી વસ્તુ પેલી વસ્તુને કામમાં આવે અને પેલી વસ્તુ આને કામમાં આવે તો તો બંને એક થઈ જાય, જે અશક્ય છે, માટે ભાઈ! જડના સ્વામીપણાની બુદ્ધિ ઉઠાવી લે! જડ મને કાંઈ કામ આવશે એ બુદ્ધિ ઉઠાવી લે!

જીવ તો પુદ્ગલનું કામ ન કરે પણ પુદ્ગલ પણ બીજા પુદ્ગલનું કામ ન કરે. પૈસાથી શાક ન આવે કેમ કે, પૈસા અને શાક બંને બાદર બાદર પ્રકારના સ્કંધ હોવા છતાં ભિન્ન-ભિન્ન છે. ભિન્ન દ્રવ્ય બીજા દ્રવ્યનું કામ કરે તો અનંત દ્રવ્ય ભિન્ન શી રીતે રહે! અનંતા સ્વતંત્ર દ્રવ્યોને એક કરી નાંખનારું તારું જ્ઞાન ખોટું છે. દ્રવ્યો કદી એક થતાં નથી. (એક-બીજાનું કામ કરતાં નથી)

આ વિધિથી આ વ્યાખ્યાન પહેલીવાર જ આવ્યું છે.

પુદ્ગલો અનેક છે અને અનેકપણે જ રહ્યાં છે તેમ પુદ્ગલથી જુદો ભગવાન આત્મા પણ સ્વતંત્ર દ્રવ્ય છે. દરેકના કાર્ય પણ અલગ-અલગ છે. કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યનું કામ કરી આપતું નથી.

નામકર્મની જેમ, ઊંચ અને નીચ ગોત્ર પણ સૂક્ષ્મકર્મ પરમાણુ છે તે આત્માને કામમાં આવતાં નથી. ઊંચું ગોત્ર હોય તો આત્માના પરિણામ સારાં થાય અને નીચું ગોત્ર હોય તો પરિણામ સારાં ન થાય એમ નથી. તારા પરિણામ કરવા માટે તું સ્વતંત્ર છો.

આહાહા! સર્વજ્ઞના પેટ બહુ ઊંડા છે, કેવળીના કેણ બહુ ઊંડા છે.

શ્રોતા :—આત્માને અન્ય કોઈ દ્રવ્ય કામમાં નથી આવતાં તો આત્માને કામમાં આવે તેવું શું રહ્યું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આત્માને પોતાના ગુણો કામમાં આવે છે. અનંતગુણના પિંડ ભગવાન આત્માનું લક્ષ કરે તો અનંતગુણનું નિર્મળ કાર્ય આત્મામાં આવે અને સ્વનું લક્ષ ન કરે, પરનું લક્ષ કરે તો પોતાની પર્યાયમાં વિકારનું કાર્ય આવે. બસ,

પરથી તો કાંઈ થાય જ નહિ, પરનું લક્ષ કરે, પરને મારા માને તો મિથ્યાત્વનું કાર્ય પોતાની પર્યાયમાં આવે. પોતાનું સવળું કે અવળું કામ પોતે જ કરે છે.

બાપુ! તારી ભિન્નતાની જાતને તો જો! તારાથી ભિન્ન એવા બધાં દ્રવ્યો પોતપોતાના કારણે કેવા પરિણમે છે! એ બધાં તારા જ્ઞાનના જ્ઞેય છે–જાણવાલાયક છે–જ્ઞાનના એ કાર્ય નથી અને એ કાર્ય જ્ઞાનના કામમાં આવે તેવા નથી, માત્ર જ્ઞેય છે.

શ્રોતા :—આ લખવા આદિનું કાર્ય જીવના વિકલ્પથી થાય છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ શબ્દો વિકલ્પથી લખાતાં નથી. વિકલ્પની ક્રિયા જીવમાં થઈ તેનાથી જડના કાર્ય થતાં નથી. શબ્દો તે પરમાણુની યોગ્યતાથી લખાય છે.

સર્વજ્ઞની કથનપદ્ધતિ તો જુઓ! છ પ્રકારના પુદ્‌ગલમાં. બધું સમાવી દીધું.

સૂક્ષ્મ એવું અંતરાયકર્મ પણ આત્માને નડતું નથી અને આત્મા તેને કરતો નથી. એ સૂક્ષ્મ પુદ્‌ગલના સ્કંધની પર્યાય પુદ્‌ગલથી થાય છે.

(૬) હવે રહ્યો છઠ્ઠો બોલ. જેનો બીજો ભાગ થઈ શકતો નથી એવા પરમાણુને સૂક્ષ્મ સૂક્ષ્મ પ્રકારના પુદ્‌ગલ કહેવાય છે.

આ છએ પ્રકારના પુદ્‌ગલ, આત્માનું કામ કરી શકતાં નથી અને આત્મા પુદ્‌ગલનું કામ કરી શકતો નથી. પરમાણુ જીવનું કામ કરી શકતાં નથી તેમ સ્કંધ પણ જીવનું કામ કરી શકતાં નથી અને જીવ પણ શરીરાદિ સ્કંધોનું કામ કરી શકતો નથી.

એક પરમાણુથી માંડીને અનંત પરમાણુનો પિંડ એવો સ્કંધ પણ આ છ પ્રકારમાં આવી જાય છે. છથી જુદો સાતમો કોઈ પ્રકાર નથી. આ છએ પ્રકારોથી તું તારા સ્વરૂપને જુદું જાણ! એટલે જુદાં દ્રવ્યને જુદાં જાણ પણ તેના કાર્યને તારું કાર્ય ન માન! જુદાં દ્રવ્યના કાર્યને હું કરું અને મારા કાર્ય જુદું દ્રવ્ય કરે એ બનવું અશક્ય છે. છએ પ્રકારના પુદ્‌ગલદ્રવ્ય સ્પર્શ, રસ, ગંધ, વર્ણને ધારણ કરતાં હોવાથી મૂર્તિક છે.

આ મૂર્તિક એવાં પુદ્‌ગલદ્રવ્યથી જુદાં ધર્મ અને અધર્મ નામના બે દ્રવ્ય છે. જેમાંથી ધર્મદ્રવ્ય છે તે જીવ અને પુદ્‌ગલ ગતિ કરતાં હોય તેમાં નિમિત્ત છે. જેમ માછલીને ગતિ કરવામાં પાણી નિમિત્ત છે તેમ, ગતિ કરતાં જીવ અને પુદ્‌ગલને ગતિમાં ધર્મદ્રવ્યનું નિમિત્ત છે અને ગતિપૂર્વક સ્થિતિ થવામાં અધર્મદ્રવ્યનું નિમિત્ત છે, જેમ ઉડતાં પંખીને ઝાડનો છાયો સ્થિતિ કરવામાં નિમિત્ત છે તેમ. જીવ-પુદ્‌ગલને ગતિ અને સ્થિતિમાં નિમિત્ત થાય એવાં આ બે દ્રવ્યો જગતમાં છે એમ વીતરાગભગવાને જોયું છે અને વાણીમાં કહ્યું છે.

અહીં એક વાત એ જોવાની છે કે જીવને મોક્ષગમનમાં સહાયક વજ્ર-વૃષભનારાચસંહનનરૂપ પુદ્ગલદ્રવ્ય છે, તેના વિના જીવની મુક્તિ થતી નથી તોપણ ગતિમાં સહાયી તો ધર્મદ્રવ્ય છે. ધર્મદ્રવ્યના નિમિત્ત વિના જીવનું સિદ્ધલોકમાં જવાનું બનતું નથી અને સિદ્ધલોકમાં સ્થિતિનું નિમિત્ત અધર્મદ્રવ્ય છે અને આત્માને અવકાશ આપવામાં આકાશદ્રવ્ય સહાયી છે. આ બધાં નિમિત્તોનું જ્ઞાન કરાવ્યું છે બાકી, વૃજ્રવૃષભનારાચસંહનનથી જીવની મુક્તિ થતી નથી અને મોક્ષમાં ગમન કે સ્થિતિ ધર્મ-અધર્મદ્રવ્યથી થતી નથી. આકાશદ્રવ્યની વાત તો આગળ ૨૦મી ગાથામાં આવશે.

સિદ્ધાલયમાં અનંતા સિદ્ધો પોતાના સ્વભાવમાં જ રહેલાં છે, પરદ્રવ્યનું તેમને કાંઈ પ્રયોજન નથી. ધર્મ, અધર્મ, આકાશદ્રવ્ય ત્યાં છે ખરાં પણ ભગવાન તેના આધારે રહ્યાં નથી. અનંત સિદ્ધોના પ્રદેશ એક જ જગ્યાએ રહેલાં હોવા છતાં દરેક સિદ્ધના વિશુદ્ધ જ્ઞાન, દર્શનાદિ ભાવ પોતાના સ્વતંત્ર છે. જ્યાં ભગવાન વસે છે ત્યાં જ ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલદ્રવ્ય પણ રહેલાં છે પણ તે દરેક દ્રવ્ય ભિન્ન-ભિન્ન છે. પુરુષાકાર લોકમાં પુદ્ગલો ઠાંસી ઠાંસીને ભરેલાં હોય તેમ રહેલાં છે એટલે સિદ્ધાલયમાં પણ પુદ્ગલો તો છે પણ સિદ્ધ તેનાથી ભિન્નપણે જ રહેલાં છે. અનંતા સિદ્ધો પણ એક ક્ષેત્રે રહ્યાં હોવા છતાં કોઈના પ્રદેશ કોઈમાં ભળેલાં નથી.

तथात्र संसारे चेतनाकारणानि हेयानीति भावार्थः। સિદ્ધાલયની જેમ સંસારમાં પણ ધર્મ, અધર્મ, આકાશ, પુદ્ગલાદિ દ્રવ્યો જીવની સાથે એક ક્ષેત્રે રહેલાં હોવા છતાં જીવને તેની સાથે કાંઈ સંબંધ નથી. સંસારીજીવોને ગતિ-સ્થિતિ આદિમાં ધર્માદિ દ્રવ્યો નિમિત્ત છે તેથી સહાયી કહેવાય છે પણ ખરેખર કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને કામમાં આવતું નથી. માટે, કોઈ દ્રવ્ય જીવના કાર્યના ઉપાદાનકારણ નથી એમ ભાવાર્થ છે. જેમ સિદ્ધાલયમાં બધાં દ્રવ્યો હોવા છતાં સિદ્ધને કોઈ દ્રવ્યનું પ્રયોજન નથી, સિદ્ધના જ્ઞાનમાં માત્ર તે જ્ઞેય છે તેમ નીચે સંસારીજીવોને પણ તે કોઈ દ્રવ્યોનું પ્રયોજન નથી. ગતિ-સ્થિતિ આદિમાં તે દ્રવ્યોને નિમિત્ત તરીકે સમજાવ્યા છે પણ ખરેખર કોઈ કારણ નથી. ખરેખર ઉપાદાનકારણ તો તારું તારામાં છે.

જગતમાં પદાર્થો છે તે જીવને માત્ર જ્ઞાનમાં જ્ઞેય છે, કોઈ દ્રવ્ય જીવના કાર્યમાં કારણભૂત નથી. એટલું જ નહિ, એ જ્ઞેય છે માટે જીવને જ્ઞાન થાય છે એમ પણ નથી.

વીતરાગના તત્ત્વમાં દરેક વાત પૂર્વાપરવિરોધરહિત સિદ્ધ થાય છે. એ સિવાયના ઈશ્વરકર્તા માનનારના કે એક આત્મા માનનારના કે કોઈ પણ અજ્ઞાનીના કહેલાં તત્ત્વમાં

[અનુસંધાન પેઈજ ૧૫ ઉપર જુઓ]

# ભેદવિજ્ઞાનનો મહિમા

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં-૬૫)

આ, શ્રી નાટકસમયસાર શાસ્ત્ર છે. સંવર અધિકાર શરૂ થાય છે.

आस्त्रवकौ अधिकार यह, कहयौ जथावत जेम ।
अब संवर वरनन करौं, सुनहु भविक धरि प्रेम ॥१॥

અર્થ :—આસ્રવના અધિકારનું યથાર્થ વર્ણન કર્યું, હવે સંવરનું સ્વરૂપ કહું છું તે હે ભવ્યો ! તમે પ્રેમપૂર્વક સંભળો.

આત્મભ્રાંતિ, શુભાશુભભાવોમાં સુખબુદ્ધિ, પર પ્રત્યે પ્રેમ...એ બધો આસ્રવભાવ છે, દુઃખદાયકભાવ છે. સુખદાયક એવા સ્વભાવને છોડીને જે કોઈ ભાવો થાય છે તે બધાં આસ્રવભાવ છે-અજ્ઞાનભાવ છે–મિથ્યાભાવ છે. તેનું જેમ છે તેમ યથાર્થ વર્ણન અહીં કર્યું. હવે વિકારની ઉત્પત્તિને રોકીને, સ્વભાવદૃષ્ટિપૂર્વક શ્રદ્ધા, જ્ઞાન, શાંતિનું પરિણમન થવું એ રૂપ જે 'સંવર' તત્ત્વ છે તેનું કથન કરીએ છીએ તેને હે ભવ્યો ! તમે પ્રેમથી સાંભળો. બનારસીદાસ મહાજ્ઞાની અને કવિ થઈ ગયા. તેમણે અમૃતચંદ્રાચાર્યના રચેલાં શ્લોક ઉપર પદ્યમાં સવૈયા ટીકાની રચના કરી છે. તેમાં પ્રથમ જ્ઞાનરૂપ સંવરને નમસ્કાર કરે છે.

आतमकौ अहित अध्यातमरहित ऐसौ,
आस्त्रव महातम अखंड अंडवत है ।
ताकौ विसतार गिलिबेकौं परगट भयौ,
ब्रहमंडकौ विकासी बहमंडवत है ॥
जामैं सब रूप जो सबमैं सबरूपसौ पै,
सबनिसौं अलिप्त आकास-खंडवत है ।
सोहै ग्यानभान सुद्ध संवरकौ भेष धरै,
ताकी रुचि-रेखकौं हमारी दंडवत है ॥२॥

અર્થ :—જે આત્માનો ઘાતક છે અને આત્મ-અનુભવથી રહિત છે એવો આસ્રવરૂપ મહા અંધકાર અખંડ ઈંડાની જેમ જગતના બધાં જીવોને ઘેરી રહેલ છે. તેનો નાશ કરવાને માટે ત્રણલોકમાં ફેલાતાં સૂર્ય જેવો જેનો પ્રકાશ છે અને જેમાં

સર્વ પદાર્થો પ્રતિબિંબિત થાય છે અને પોતે તે બધાં પદાર્થોના આકારરૂપ થાય છે, તોપણ આકાશના પ્રદેશની જેમ તેમનાથી અલિપ્ત રહે છે, તે જ્ઞાનરૂપી સૂર્ય શુદ્ધ સંવરના વેષમાં છે, તેના પ્રકાશને અમારા પ્રણામ છે.

મંગલાચરણમાં ધર્મ અને અધર્મનું સ્વરૂપ બતાવ્યું છે.

જે મિથ્યાત્વ અને શુભાશુભભાવ છે તે આત્માનું અહિત કરનારા છે. હિંસા, જૂઠું. ચોરી, વિષયભોગ, વાસના એ અશુભાસ્રવ છે અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, શાસ્ત્રવાંચન, શ્રવણ એ આદિ ભાવો શુભાસ્રવ છે. જે પરિણામથી નવું આવરણ આવે છે તેવા ભાવને આસ્રવ કહેવામાં આવે છે. આસ્રવભાવ આત્માના અનુભવથી રહિતછે.

આત્મદ્રવ્ય તો ત્રિકાળ શુદ્ધ આનંદઘન ચૈતન્ય છે તેમાં તો વિકાર નથી પણ અહીં તો તેની પર્યાયની વાત ચાલે છે. અજ્ઞાનીજીવને પર્યાયમાં આત્મ-અનુભવનો અભાવ છે અને વિકારનો સદ્ભાવ છે કે જે આત્માનું અહિત કરનારા છે. આ અજ્ઞાનરૂપી અંધકાર આખા જગતમાં ફેલાઈ ગયો છે તેનો નાશ કરવા માટે 'સંવર' છે તે સૂર્ય સમાન છે. શુભ અને અશુભભાવ જ્ઞાનપ્રકાશથી વિરૂદ્ધ છે. તે અજ્ઞાનીજીવની પર્યાયમાં અનાદિકાળથી અખંડપણે વર્તી રહ્યાં છે. અજ્ઞાનીના અજ્ઞાનમાં કદી ખંડ પડ્યો નથી. જેમ ઈંડું અખંડ હોય છે તેમ અજ્ઞાન અખંડ છે.

ચૈતન્યજ્યોત ભગવાન આત્મા તો શાશ્વત અનાકુળ આનંદથી છલોછલ ભરેલું તત્ત્વ છે પણ વર્તમાન પર્યાયમાં જે મિથ્યાત્વ અને શુભાશુભ ભાવરૂપ અજ્ઞાન છે તે અનાદિથી અખંડપણે વર્તી રહ્યું છે. અજ્ઞાનમાં કદી તિરાડ પડી નથી. કદાચિત્ અજ્ઞાન મંદ થયું તોપણ તડ પડી નથી. અખંડપણે વર્તી રહ્યું છે. જૈનમુનિ થઈને નવમી ગ્રૈવેઈક ગયો તોપણ આત્મજ્ઞાન થયું નથી, ત્યાં સુધી એના અજ્ઞાનમાં ખંડ પડતો નથી. એ તો અખંડ છે. ઉપર દેવલોકમાંથી આવીને ઈન્દ્રાણી ચળાવે તોપણ ચળે નહિ એવો બ્રહ્મચર્યનો શુભભાવ હોય પણ તેમાં એકત્વબુદ્ધિ છે, દયા, દાનાદિ સર્વભાવમાં એકત્વબુદ્ધિ છે તે મિથ્યાત્વ છે, તેને અજ્ઞાનમાં ખંડ પડ્યો નથી. તેને મારું દ્રવ્યસ્વરૂપ કેવું છે, પર્યાયમાં શું છે, તેની ખબર જ નથી. તેથી માત્ર રાગની મંદતા થવાથી અજ્ઞાન ટળતું નથી એ તો અખંડપણે વર્તે છે.

ताकौ विसतार गिलिबेकौं परगट भयौ, સંવર કેમ પ્રગટ થયો છે ?—કે અજ્ઞાનના વિસ્તારને ગાળી નાંખવા માટે સંવર પ્રગટ થયો છે. આસ્રવે આખા જગતના બધાં જીવોને પોતાની જાળમાં ઘેરી રાખ્યા છે. જંગલમાં જઈને સાધુ થયો, મહાવ્રત પાળે છે, તપસ્યા કરે છે તેને પણ આસ્રવ છોડતો નથી. જ્યાં સુધી શુભાશુભભાવમાં એકત્વ

છે ત્યાં સુધી અજ્ઞાનરૂપ આસ્રવ અખંડપણે વર્તે છે, અખંડ સંસાર પડ્યો છે તેના વિસ્તારને ગાળવા માટે—આસ્રવનો નાશ કરવા માટે સંવરરૂપી સૂર્યપ્રગટ થાય છે જે ત્રણલોકમાં પ્રકાશ ફેલાવે છે. આ રાગાદિ કોઈ ભાવો 'હું' નથી. હું તો ચૈતન્યસૂર્ય છું એમ સ્વભાવમાં એકત્વ કરતો સંવરસૂર્ય પ્રગટ થાય છે તે આસ્રવ-અંધકારનો નાશ કરે છે અને ત્રણકાળ ત્રણલોકને અલિપ્ત રહીને પ્રકાશે છે. આ સંવર છે તે જ ધર્મ છે.

વસ્તુ તો ત્રિજગપ્રકાશક શક્તિ લઈને બેઠી જ છે. પણ પર્યાયમાં જ્યારે રાગથી ભિન્નતા થઈ-ભેદજ્ઞાન થયું ત્યારે તે જ્ઞાન સર્વને પ્રકાશવા લાગ્યું. રાગને પણ તે જ્ઞાન જાણે છે પણ પોતાનો માનતું નથી. એ જ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોકને જાણવાની શક્તિનો વિકાસ થઈ જાય છેઃ વસ્તુ તો ત્રિકાળ અખંડ આનંદસ્વરૂપ ધ્રુવપ્રભુ છે અને તેની પર્યાયમાં જે જ્ઞાનનો વિકાસ થયો તે પણ ત્રણજગતને પ્રકાશે એવી શક્તિવાળો છે. જ્યાં સમ્યક્ત્વ પ્રગટ થાય છે ત્યાં શ્રુતજ્ઞાનમાં ત્રણજગતને જાણવાની શક્તિ પ્રગટ થઈ જાય છે. પોતામાં રહીને પોતાનું જ્ઞાન કરતાં પરનું જ્ઞાન તેમાં આવી જાય છે.

હું જાણનાર-દેખનાર વસ્તુ છું માટે જાણવું-દેખવું એ મારું કાર્ય છે, શુભાશુભભાવોમાં રમવું એ મારું કાર્ય નથી. જેમ અજગર બકરાને ગળી જાય છે તેમ, ચૈતન્યસૂર્ય રાગને ગળી જાય છે-ગાળી નાંખે છે. હું તો અતીન્દ્રિય આનંદનો રસીલો છું. શુભાશુભનો અનુભવ કરનારો હું નથી.

जामैं सब रूप जो सबमैं सबरूपसौ पै, જ્ઞાનપ્રકાશ એવો પ્રગટ થયો કે જગતના સર્વપદાર્થોનું રૂપ તેમાં પ્રકાશવા લાગ્યું અર્થાત્ સર્વજ્ઞેયોના આકારરૂપ પોતાનું જ્ઞાન થયું, પણ કોઈ જ્ઞેયોરૂપ જ્ઞાન ન થયું. શરીર અને રાગાદિ જ્ઞાનમાં જણાવા લાગ્યાં પણ, જ્ઞાન શરીર કે રાગાદિરૂપ થતું નથી.

આ તો માખણની વાત છે. ધર્મ કોઈ સાધારણ ચીજ નથી. જ્ઞાનપ્રકાશ થતાં જ્ઞાનમાં રાગનું જ્ઞાન થાય છે પણ જ્ઞાન રાગરૂપ થતું નથી તેમ જ્ઞાનમાં સર્વને જાણવાની શક્તિ પ્રગટ થઈ ગઈ પણ જ્ઞાન કોઈ ચીજરૂપ થતું નથી. આ વાત અત્યારે કોઈને બેસે કે ન બેસે પણ ધર્મનું સ્વરૂપ તો આવું છે. ધર્મ કહો, સંવરદશા કહો, અનાસ્રવીદશા કહો, મોક્ષમાર્ગ કહો-તે આ છે. ભેદજ્ઞાનરૂપી પ્રકાશ પ્રગટ થયો તે પોતાનું રૂપ છોડીને રાગ, વ્યવહારરૂપ થતો નથી. ધર્મીને રાગ, દયા, દાનરૂપ વ્યવહાર થાય છે એમ કહેવું એ પણ વ્યવહાર છે.

પ્રગટ જ્ઞાન સર્વને જાણે પણ સર્વરૂપ ન થાય.

આ તો પ્રભુના પડખે ચડવાની વાત છે, અનાદિથી રાગનું પડખું સેવ્યું છે તે છોડીને હવે પ્રભુના પડખે ચડ, તેમાં તારું કલ્યાણ છે. અનાદિથી અખંડ આસ્રવ છે તેનો ખંડ નહિ પણ, નાશ કરવાની વાત છે. આત્મસન્મુખતા વગર આસ્રવનો નાશ થાય તેમ નથી. અખંડસ્વરૂપ આત્મપ્રભુના આશ્રયે જ આસ્રવનો મૂળમાંથી નાશ થાય છે તેથી, સોગાનીએ કહ્યું છે કે, ચક્રવર્તી છ ખંડને નહિ પણ અખંડને સાધે છે. આ ચૈતન્યભગવાનના પ્રકાશની વાત ચાલે છે.

એને વિશ્વાસ નથી આવતો.....અરે, આવડો મોટો હું ? આ સંવર તો એક અંશ છે, વેષ છે, આખી વસ્તુ નથી તે પણ એક સમયમાં પોતાથી પોતામાં સર્વને અડ્યા વિના સર્વને જાણવાની શક્તિ ધરાવે છે. શ્રુતજ્ઞાનમાં પણ જ્ઞાનની આવી શક્તિ પ્રગટ થઈ ગઈ છે કે, સર્વને જાણે પણ સર્વરૂપ ન થાય તો એ વસ્તુની તાકાત કેટલી !!

सबनिसौं अलिप्त आकास-खंडवत है। આકાશમાં ગમે તેટલાં ચિતરામણ કરો તેનાથી આકાશમાં કાંઈ લેપ લાગતો નથી. આકાશ તો સર્વવ્યાપક છે. તેમાં ગમે તેટલાં વાદળાં આદિ હો તેનાથી અમૂર્તિક આકાશમાં શું ફેર પડે ? ૧૪ બ્રહ્માંડરૂપ લોકની બહાર અનંત અનંતભાગ ખાલી આકાશ છે. અનંત...અનંત આકાશની વચ્ચે લોક તો એક પરમાણુ સમાન છે તે લોકમાં ગમે તેટલાં ધૂમાડાં કરો કે કાંઈપણ ચિત્તરામણ કરો પણ તે આકાશને અડતાં નથી, આકાશ તો અલ્પિત જ છે તેમ, આત્મા અનંતને જાણે પણ તેમાં કોઈનો લેપ લાગતો નથી, તે તો અલિપ્ત જ રહે છે.

લોકમાં અનંત વસ્તુ છે તેનાથી અનંતગુણી વસ્તુ હોય તેને પણ આ જ્ઞાન જાણવાની શક્તિ રાખે છે. છદ્મસ્થના શ્રુતજ્ઞાનમાં આટલી તાકાત છે તો સ્વભાવની મહિમા શું કહેવી !

જ્ઞાન સબરૂપ થાય છે એટલે કે, જ્ઞેયાકારરૂપ થાય છે પણ જ્ઞેયરૂપે થતું નથી. અલોકમાં ખાલી ભાગ સિવાય કોઈ ચીજ નથી પણ લોકમાં તો મોટા મોટા કારખાના, પર્વત, નદી વગેરે કેટલી વિચિત્ર ચીજો છે પણ તેનાથી આકાશમાં કાંઈ ફરક પડતો નથી. આકાશ નિર્લેપ છે તેમ, જીવ દરેક ચીજોને જાણતો હોવા છતાં તેમાં જરાય લેપ લાગતો નથી. જ્ઞાન નિર્લેપ છે. આકાશ દરેક વસ્તુને અવગાહન આપે છે પણ આકાશને કોઈનો ભાર લાગતો નથી. તેમ જ્ઞાન સર્વને જાણે તેથી જ્ઞાનમાં બોજો થતો નથી. અનેક વિચિત્રતાઓને જાણવા છતાં જ્ઞાનની પર્યાય રાગરૂપ થતી નથી. આનું નામ સંવર છે, તેનું નામ જ ધર્મ છે.

सोहै ग्यानभान सुद्ध संवरको भेष धरै, 'સંવર' એ પર્યાય છે, માટે વેષ છે.

જ્ઞાનભાનુએ સંવરનો વેષ ધર્યો છે. આ સંવર પર્યાયનો વેષ કાયમ રહેવાનો નથી. સંવરનો અભાવ થઈને કેવળજ્ઞાન અને મોક્ષ થઈ જશે. આ કેવળજ્ઞાન અને મોક્ષ પણ ત્રિકાળી દ્રવ્ય માટે એક વેષ છે.

રાગ મારો છે, રાગથી મારું કલ્યાણ છે, પુણ્યથી મને લાભ છે એવું માનતો હતો તે આસ્રવનો વેષ હતો. તેનો નાશ કરીને જ્ઞાનભાનુએ સંવરનો વેષ ધારણ કર્યો છે તેની પ્રભાને અમારાં નમસ્કાર છે. ताकी रुचि-रेखकौं हमारी दंडवत है।– સમ્યગ્દર્શનરૂપ રુચિ અને તેમાં જ્ઞાનની રેખાને અમે નમન કરીએ છીએ. રાગાદિ કે પુણ્યાદિને અમે નમન કરતાં નથી.

વસ્તુસ્વભાવ-પૂર્ણાનંદના નાથ તરફ ઝુકાવ થવો તે જ સંવર છે. રાગનો સંગ છોડીને ભગવાન આત્મા શુદ્ધતામાં આવ્યો ત્યાં જે સંવર પ્રગટ થયો તેણે રાગનો ઝંડો તોડી પાડ્યો. સંવરનો વિજય થયો, રાગની સેનાનો નાશ કરી નાંખ્યો. હું આત્મા અમર છું, પુણ્ય-પાપના વિકલ્પથી રહિત છું, મને રાગનો લેપ નથી એવી હું અલિપ્ત વસ્તુ છું.

મુરબ્બી શ્રી રામજીભાઈ :—આ ક્યા દેશની વાત છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—આ આત્માના દેશની વાત છે.

હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશકે નાહીં રે,
આતમ અનુભવ કરીને અમે, જાશું સ્વરૂપ-સ્વદેશ રે...

એ....રાગ અને ભરતક્ષેત્રના અમે નથી. અમે તો પૂર્ણાનંદના નાથના દેશમાં વસનારા છીએ.

રચનારે પદ્ય પણ કેવા રચ્યા છે ! व्यावृत पररूपतो–પરરૂપથી રહિત છું, જ્ઞેયાકાર થવા છતાં જ્ઞેયરૂપ નહિ થતો હું સંવરસ્વરૂપ છું. ज्योति चिन्मय.....જ્ઞાનના તેજનો ભાર પ્રગટ થયો તે બોજો રાગ સહન ન કરી શકે, જ્ઞાન જ સહન કરી શકે.

અહીં તો કહે છે કે ત્રણકાળ ત્રણલોકને જાણનારા ભગવાન પણ મારા ભગવાન નથી, મારા ભગવાન તો મારી પાસે જ બિરાજમાન છે. પોતે જ પોતાનો તારનાર અને તરનાર 'તારક' છે મારી ગુણદશાને જ મારા નમસ્કાર છે. બાહ્ય વિષ કે પંચમહાવ્રતાદિને મારા નમસ્કાર નથી.

આ સંવર અધિકારનો એક શ્લોક થયો. હવે બીજા શ્લોકના પદ્યમાં ભેદવિજ્ઞાનનું મહત્વ બતાવે છે.

सुद्ध सुछंद अभेद अबाधित,
भेद-विग्यान सुतीछन आरा ।
अंतरभेद सुभाव विभाऊ
करै जड़-चेतनरूप दुफारा ॥
सो जिन्हकें उरमैं उपज्यौ,
न रुचे तिन्हकौं परसंग-सहारा ।
आतमको अनुभौ करि ते,
हरखैं परखैं परमातम-धारा ॥३॥

અર્થ :—શુદ્ધ, સ્વતંત્ર, એકરૂપ, નિરાબાધ, ભેદવિજ્ઞાનરૂપ તીક્ષ્ણ કરવત અંદર પ્રવેશીને સ્વભાવ-વિભાવ અને જડ-ચેતનને જુદાં-જુદાં કરી નાંખે છે. તે ભેદવિજ્ઞાન જેમના હૃદયમાં ઉત્પન્ન થયું છે તેમને શરીર આદિ પરવસ્તુનો આશ્રય રુચતો નથી, તેઓ આત્મ-અનુભવ કરીને પ્રસન્ન થાય છે .અને પરમાત્માનું સ્વરૂપ ઓળખે છે.

सुद्ध सुछंद अभेद अबाधित—શુભાશુભરાગથી ભિન્ન પડવાવાળું ભેદજ્ઞાન પોતે પર્યાય છે. અવસ્થા છે, ત્રિકાળીની અપેક્ષાએ અંશ જ છે પણ શુદ્ધ છે. સમ્મેદ્શિખરની યાત્રા કરવાનો ભાવ શુભ છે તેનાથી કદાચિત નરક, પશુગતિનો ભવ ન થાય પણ ભવનો અભાવ ન થાય કેમ કે, તે શુદ્ધભાવ નથી—ધર્મ નથી. સમ્મેદ્શિખરથી અનંત અનંત જીવો મુક્તિ પામ્યા છે તે જે ભાવથી પામ્યા છે તે ભેદજ્ઞાનની આ વાત છે.

ભેદવિજ્ઞાન કેવું છે ? રાગથી ભિન્ન પડીને આત્માનો આશ્રય લેનારું ભેદજ્ઞાન કેવું છે ?—કે, શુદ્ધ છે અને સ્વરછંદ એટલે સ્વતંત્ર છે. જ્ઞાનના આશ્રયે જ્ઞાન પરિણમે છે તેને પરનો આશ્રય નથી. ભેદજ્ઞાન સંવરસ્વરૂપ છે તેથી રાગની મલિનતાને તે ઉત્પન્ન થવા દેતું નથી. જ્ઞાનની પર્યાય કોઈને ગણકારતી નથી. જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાય એ ભાવને પણ ગણતી નથી કેમ કે એ તો આસ્રવભાવ છે. લોકો તો તીર્થંકરગોત્રના ભાવ ઉપર ખુશી થઈ જાય કે અહો ! આના ફળમાં તો ભગવાનને સમવસરણની રચના થશે, સો ઇન્દ્રો પ્રભુને પૂજશે..... !

લૌકિકમાંથી નીકળવા માટે અલૌકિક ભાવ હોવો જોઈએ ને ! અહીં અલૌકિક એવા ભેદવિજ્ઞાનની મહિમા છે. ભેદવિજ્ઞાન શુદ્ધ, સ્વચ્છંદી અને સ્વતંત્ર છે. શુદ્ધાત્માના આશ્રયે જે સંવર પ્રગટ થાય છે તેમાં રાગ કે નિમિત્તની કોઈ અપેક્ષા નથી.

વળી ભેદવિજ્ઞાન અભેદ છે તેનો અર્થ કે એકરૂપ છે. ધ્રુવસ્વભાવનો આશ્રય લેવાથી એકરૂપ શુદ્ધદશા પ્રગટ થાય છે. શુદ્ધતાના અંશ ભલે વધે પણ શુદ્ધતાની દશા

એકરૂપ રહે છે. વિકલ્પની અનેકરૂપતા તેમાં આવતી નથી. રાગમાં ભેદ પડતો હતો, હવે સંવરરૂપ શુદ્ધદશા થઈ તેમાં એકરૂપતા છે, ખંડ પડતો નથી.

ભેદવિજ્ઞાન અબાધિત છે–ભેદવિજ્ઞાનને વિઘ્ન કરવાવાળી કોઈ ચીજ દુનિયામાં નથી. ભલે ગમે તેવા કર્મનો ઉદય આવે તે ભેદજ્ઞાનમાં પ્રવેશ કરી શકતો નથી. મારામાં તો આનંદ અને જ્ઞાન છે ત્યાં કર્મના ઉદયનો પ્રવેશ નથી. 'હું છું', 'કર્મ નથી' એવું ભેદજ્ઞાનનું જોર છે.

કર્મે અને વિકલ્પે જીવને પકડયો નથી. અજ્ઞાનીજીવે એમ માની લીધું છે કે, મને વિકલ્પે પકડ્યો છે. પેલાં પોપટની જેમ ભૂંગળી ઉપર પોપટ બેઠો ત્યાં ભૂંગળી ફરી ગઈ એટલે પોપટ ઊંધો લટકી ગયો. પોતે ઊડી જાય તો ભૂંગળીએ કાંઈ તેને પકડ્યો નથી પણ પોતાને એમ થઈ ગયું કે મને પકડ્યો છે એટલે પોતે જ ઉડતો નથી તેની જેમ, અજ્ઞાની પોતે જ વિકલ્પને પકડીને પરાધીન થઈ રહ્યો છે. *[ક્રમશઃ]*

(સર્વજ્ઞના પેટ બહુ....અનુસંધાન પેઈજ નં. ૮થી આગળ)

પૂર્વાપરવિરોધરહિત સિદ્ધિ નથી. અહીં તો અનંત દ્રવ્ય છે, દરેકના કાર્ય અલગ છે, કોઈ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યનું કામ કરી શકતું નથી. અનંત દ્રવ્યના અનંત કાર્ય છે તેમાં અન્યનું નિમિત્ત ભલે કહ્યું પણ ઉપાદાન તો પોતાનું જ છે. જીવના કાર્યમાં નિમિત્તકારણ છે તે જ્ઞેય છે પણ ખરેખર કારણ તે નહીં હોવાથી હેય છે. જીવ જ્ઞાનનું કાર્ય તો પોતાથી કરે છે તેમાં જ્ઞેય તો માત્ર નિમિત્ત છે. તેને બદલે જીવના કાર્યનું તેને કારણ માને છે તેના ઘરમાં મિથ્યાત્વનો લાભ થાય છે.

અહીં તો જીવનું મિથ્યાદૃષ્ટિપણું ટાળવા માટેની વાત છે. આ મિથ્યાત્વ ટળ્યા વિના કદી અંશે પણ ધર્મ થવાનો નથી. મિથ્યાત્વ ટળે, સમ્યક્ભાન થાય ત્યારે ચારિત્ર આવે છે. મિથ્યાત્વ ટળ્યા વિના ચારિત્ર આવી જતું નથી. માટે, પ્રથમ મિથ્યાત્વ ટળેઅને સ્વરૂપનું ભાન થાય તે માટે એમ નક્કી કર કે, હું જાણનાર છું અને બાકી બધું જણાવાયોગ્ય જ્ઞેય છે. ભલે અનંતાનંત દ્રવ્યો હોય તેને હું એક સમયમાં જાણનાર છું પણ કોઈનું કામ કરનાર નથી અને કોઈ પાસેથી કામ લેનાર નથી. એક સમયમાં અનંતને જાણી લે એવી તારી જ્ઞાનની તાકાત છે. તું જ્ઞાનનો ધણી-જ્ઞાનમૂર્તિ છો એ સિવાય કોઈ ચીજ મારી નથી એમ પ્રથમ તું જ્ઞાનમાં નક્કી કર ! આવો નિર્ણય કરવો તે સ્વરૂપદૃષ્ટિ અને સમ્યગ્દર્શન છે. આ સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે આ બધી વાત કરી છે. *[ક્રમશઃ]*

[જડ-ચેતનનું ભેદજ્ઞાન કરાવનાર અધ્યાત્મવૈજ્ઞાનિક શ્રી સદ્ગુરુદેવનો જય હો....]

# વૈરાગ્યજનની : બાર ભાવના

[શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

જુઓ, આ ધ્યાનનો અધિકાર છે તે કહીને આ ગ્રંથ પૂરો કરશે. આત્માની શુદ્ધતાની ઘણી એકાગ્રતા થાય છે તે શુકલધ્યાન છે.

ભાવાર્થ :—આત્મા શુદ્ધ ચૈતન્ય અને આનંદસ્વરૂપી છે, એની પર્યાયમાં વિકાર છે તે આત્માનું ખરૂં સ્વરૂપ નથી. અને પરપદાર્થ તો આત્માથી ભિન્ન છે એવું જ્ઞાન થતાં સ્વભાવ સન્મુખ રુચિ તથા સમ્યગ્દર્શન થાય છે. તેને સાત પ્રકૃત્તિનો ઉપશમ અથવા ક્ષય હોય છે. સ્વભાવમાં અંશે સ્થિરતા થતાં પાંચમું ગુણસ્થાન એટલે શ્રાવકદશા હોય છે. વિશેષ સ્થિરતા થતાં પાંચમું ગુણસ્થાન એટલે શ્રાવકદશા હોય છે. વિશેષ સ્થિરતા થતાં મુનિ થાય છે ત્યારે બહારમાં નગ્નપણું હોય છે, વસ્ત્રપાત્રાદિ હોતા નથી એ છઠ્ઠી ભૂમિકા છે અને સાતમી ભૂમિકામાં મુનિને ઉપદેશ, આહાર-પાણી આદિનો પણ વિકલ્પ હોતો નથી તે મુનિ તો જંગલમાં વસે છે. માતાએ જન્મ્યા એવા નગ્નદશાવાળા હોય છે. સ્વભાવમાંથી અતીન્દ્રિય અમૃત રસ ઝરે છે, અંતર્લીનતા થાય તેને અપ્રમત્ત સાતમુ ગુણસ્થાન કહે છે. આત્માના ભાન વિના દ્રવ્યલિંગી મુનિ થાય એ તો મિથ્યાદૃષ્ટિ છે, એની વાત નથી. સાતમી ભૂમિકામાં વિશેષ નિર્મળતા થાય છે ત્યારે આઠમી ભૂમિકામાં શ્રેણીનો આરંભ કરે છે. કેવળજ્ઞાન પ્રાંપ્ત કરવા આગળ વધે છે. તે અપૂર્વકરણ ગુણસ્થાન છે અને પછી નવમું અનિવૃત્તિકરણ તથા દશમું સૂક્ષ્મસાંપરાય છે. એ ત્રણ ગુણસ્થાનોમાં સમયે સમયે અનંતગુણી વિશુદ્ધતાથી વર્ધમાન થયો થકો મોહનીય કર્મની એકવીસ પ્રકૃતિઓને ઉપશમાવી ઉપશાંતકષાયગુણસ્થાન એટલે અગિયારમું ગુણસ્થાન પ્રાપ્ત કરે છે.

જો મોહનીયની પ્રકૃતિઓને ક્ષપાવવાનો પ્રારંભ કરે તો આ ત્રણે ગુણસ્થાનમાં મોહનીયની એકવીસ પ્રકૃતિને સત્તામાંથી નાશ કરી ક્ષીણકષાય નામના બારમા ગુણસ્થાનને પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે બારમા ગુણસ્થાને પૃથક્ત્વવિતર્કવીચાર નામનો શુકલ ધ્યાનનો પહેલો પાયો પ્રવર્તે છે. પૃથક એટલે જુદા જુદા, વિતર્ક એટલે શ્રુતજ્ઞાન તથા વીચાર એટલે (૧) અર્થનું (૨) વ્યંજન એટલે અક્ષરરૂપ વસ્તુના નામનું તથા (૩) મન, વચન-કાયાના યોગનું પલટવું થાય છે. એ બધું આ પહેલાં શુકલધ્યાનમાં થાય છે. ત્યાં અર્થ તો દ્રવ્યગુણપર્યાયની પલટના છે અર્થાત્ દ્રવ્યથી દ્રવ્યાંતર, ગુણથી ગુણાંતર અને પર્યાયથી પર્યાયાંતર છે. એ જ પ્રમાણે વર્ણથી વર્ણાંતર તથા યોગથી યોગાંતર છે. આ

બધું અબુદ્ધિપૂર્વક હોય છે. તે જીવ નિર્વિકલ્પ દશામાં જ છે. તેથી તેને આ સંક્રાંતિની ખબર નથી પણ તે દશામાં તેવી પલટના થાય છે તે કેવળજ્ઞાની જાણે છે.

પ્રશ્ન :—ધ્યાન તો એકાગ્રચિંતાનિરોધ છે. પણ પલટવાને ધ્યાન કેમ કહી શકાય? અક્ષર, યોગ વગેરે પલટો ખાય છે તો ત્યાં ધ્યાન કેમ કહી શકાય?

સમાધાન :—જેટલીવાર એક જ્ઞેય ઉપર ઉપયોગ સ્થિર થાય તે તો ધ્યાન છે અને ત્યાંથી પલટાઈ બીજા જ્ઞેય ઉપર સ્થિર થયો તે પણ ધ્યાન છે. એ પ્રમાણે ધ્યાનના સંતાનને પણ ધ્યાન કહે છે. એટલે કે પોતાના જ જ્ઞેયમાં ફરી ફરીને પલટે એને પણ ધ્યાન કહે છે. કેમ કે પોતાનું ધ્યાન તો છૂટતું નથી. એ સંતાનની જાતિ એક છે. એ અપેક્ષા લેવી. વળી ઉપયોગ પલટાય છે ત્યાં ધ્યાતાને પલટાવવાની ઈચ્છા નથી. જો ઈચ્છા હોય તો તે રાગસહિત હોવાથી આ પણ ધર્મ ધ્યાન જ ઠરે. અવ્યક્ત થોડો રાગ છે, પણ તે કેવળજ્ઞાનગમ્ય છે. આ ધ્યાતાના જ્ઞાનને ગમ્ય નથી. પોતે શુદ્ધોપયોગરૂપ બન્યો થકો એ પલટવાનો પણ જ્ઞાતા જ છે અને પલટાવું તે ક્ષયોપશમ જ્ઞાનનો સ્વભાવ છે. એ ઉપયોગ ઘણો વખત એકાગ્ર રહેતો નથી, તેને ''શુકલ'' એવું નામ રાગ અવ્યક્ત થવાથી જ કહ્યું છે.

આગળ શુકલધ્યાનનો બીજો ભેદ કહે છે.

णीसेसमोहविलए खीणकसाए य अंतिमे काले ।
ससरुवम्मि णिलीणो सुक्कं झाएदि एयत्तं ॥४८५॥

અર્થ :—સમસ્ત મોહકર્મનો નાશ થતાં ક્ષીણકષાય ગુણસ્થાનના અંત સમયમાં પોતાના સ્વરૂપમાં તલ્લીન થતો થકો આત્મા એકત્વવિતર્કવીચાર નામના બીજા શુક્લધ્યાનને ધ્યાવે છે.

ભાવાર્થ :—પ્રથમના પૃથક્ત્વવિતર્કવીચારના શુકલધ્યાનમાં ઉપયોગ પલટાતો હતો તે અહીં પલટાતો નથી. એક દ્રવ્ય, એક ગુણ, એક પર્યાય, એક વ્યંજન અને એકયોગ ઉપર ઉપયોગ સ્થિર થઈ ગયો. પોતાના સ્વરૂપમાં લીન તો છે જ. પરંતુ હવે ઘાતિકર્મનો નાશ કરી ઉપયોગ પલટાશે ત્યાં 'સર્વનો પ્રત્યક્ષ જ્ઞાતા થઈ લોકાલોકને જાણવું' એ જ પલટાવું રહ્યું છે.

આગળ શુકલધ્યાનનો ત્રીજો ભેદ કહે છે.

केवलणाणसहावो सुहुमे जोगम्हि संठिओ काए ।
जं झायदि सजोगिजिणो तं तिदियं सुहमकिरियं च ॥४८६॥

અર્થ :—કેવળજ્ઞાન છે સ્વભાવ જેનો એવા સયોગકેવળી ભગવાન જ્યારે સૂક્ષ્મકાયયોગમાં બિરાજે છે ત્યારે તે કાળમાં જે ધ્યાન હોય છે તે ત્રીજું સૂક્ષ્મક્રિયા નામનું શુકલ ધ્યાન છે.

જુઓ, અહીં તેરમે ગુણસ્થાને સૂક્ષ્મક્રિયા હોય છે એમ કહેલ છે. આ વાંચીને જે લોકો સમજતા નથી તે વાંધો ઉઠાવે છે કે 'ક્રિયા તો કેવળીને પણ કરવી પડે છે અને તમે ના પાડો છો તે બરાબર નથી.' તો તેને કહે છે કે—

આ જે સૂક્ષ્મક્રિયા કહી છે તે દેહની ક્રિયાની વાત નથી પણ આત્માના પ્રદેશનું કંપન સૂક્ષ્મ થાય છે એની વાત છે. આત્મા દેહની ક્રિયા કરી શકતો નથી અને રાગની ક્રિયાથી કાંઈ આત્માને લાભ નથી. કેમકે તે ધાર્મિક ક્રિયા નથી. આત્માની શ્રદ્ધાપૂર્વક વીતરાગતા થાય તે આત્માની ક્રિયા છે. અહીં તો કહે છે કે કેવળીને સૂક્ષ્મક્રિયા જે યોગનું કંપન છે એનાથી પણ બંધ થાય છે અને એ નુકસાનનું કારણ છે પણ શુકલધ્યાનના ત્રીજા પાયામાં કાયાના નિમિત્તે જે યોગનું કંપન છે તેનું જ્ઞાન કરાવે છે.

ભાવાર્થ :—જ્યારે ઘાતિકર્મોનો નાશ કરી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે તેરમા ગુણસ્થાનવર્તી સયોગકેવળી થાય છે. ત્યાં તે ગુણસ્થાનના અંતમાં અંતર્મુહૂર્તકાળ બાકી રહે ત્યારે મનોયોગ-વચનોયોગ રોકાઈ જાય છે અને કાયયોગની સૂક્ષ્મક્રિયા રહી જાય છે. ત્યારે તેને શુકલધ્યાનનો (સૂક્ષ્મક્રિયા પ્રતિપાતી નામનો) ત્રીજો પાયો કહે છે. અહીં કેવળજ્ઞાન ઊપજ્યું ત્યારથી ઉપયોગ તો સ્થિર છે, અને ધ્યાનમાં અંતર્મુહૂર્ત ટકવાનું કહ્યું છે. પરંતુ એ ધ્યાનની અપેક્ષાએ તો અહીં ધ્યાન નથી પણ માત્ર યોગ થંભાઈ જવાની અપેક્ષાએ ધ્યાનનો ઉપચાર છે. અને જો ઉપયોગની અપેક્ષાએ કહીએ તો ઉપયોગ તો અહીં થંભી જ રહ્યો છે—કાંઈ જાણવાનું બાકી રહ્યું નથી. વળી પલટાવવાવાળું પ્રતિપક્ષી કર્મ પણ રહ્યું નથી. તેથી તેને સદાય ધ્યાન જ છે. પોતાના સ્વરૂપમાં રમી રહ્યાં છે, સમસ્તજ્ઞેયો આરસીની માફક પ્રતિબિંબિત થઈ રહ્યા છે અને મોહના નાશથી કોઈ પદાર્થોમાં ઈષ્ટ—અનિષ્ટભાવ નથી. એ પ્રમાણે સૂક્ષ્મક્રિયાપ્રતિપાતી નામનું ત્રીજું શુકલ ધ્યાન પ્રવર્તે છે.

આગળ વ્યુપરતક્રિયાનિવૃત્તિ નામનું ચોથું શુકલધ્યાન કહે છે.

जोगविणासं किच्चा कम्मचउक्कस्स खवणकरणट्ठं ।
ज झायदि अजोगिजिणो णिक्किरियं तं चउत्थं च ॥४८७॥

અર્થ :—યોગોની પ્રવૃત્તિનો અભાવ કરી જ્યારે કેવળી ભગવાન અયોગીજિન

થાય છે ત્યારે અઘાતિકર્મોની પંચાશી પ્રકૃતિઓ જે સત્તામાં રહી છે તેનો ક્ષય કરવા અર્થે જે ધ્યાવે છે તે વ્યુપરતક્રિયાનિવૃત્તિ નામનું ચોથું શુકલધ્યાન છે. જુઓ, અહીં ચૌદમે ગુણસ્થાને ક્રિયાની નિવૃત્તિ થાય છે એમ કહેલ છે. માટે અજ્ઞાનીની એવી દલીલ છે કે ચૌદમા ગુણસ્થાન સુધી ક્રિયાની જરૂર પડે છે અને તમો ક્રિયાનો નિષેધ કરો છો. તે બરાબર નથી તો તેને કહે છે કે :—આ ક્રિયા આત્માને લાભદાયક નથી તેમ એ ક્રિયા વડે ચૌદમું ગુણસ્થાન થયું નથી કેમ કે તે તો વિકારી ક્રિયા છે અને એનાથી તો આસ્રવ ને બંધ થાય છે. એનો અભાવ કરે ત્યારે ચોથું શુકલધ્યાન હોય છે.

ભાવાર્થ :—ચૌદમા અયોગીજિન ગુણસ્થાનની સ્થિતિ પાંચ લઘુ અક્ષર (अ-इ-उ-ऋ-ऌ) પ્રમાણે છે. ત્યાં યોગોની પ્રવૃતિનો અભાવ છે અને અઘાતિકર્મોની પંચાશી પ્રકૃત્તિ સત્તામાં રહી છે તેના નાશનું કારણ આ યોગોનું રોકાવું છે, તેથી તેને ધ્યાન કહ્યું છે. તેરમા ગુણસ્થાનની માફક અહીં પણ ધ્યાનનો ઉપચાર સમજવો કારણ કે ઈચ્છાપૂર્વક ઉપયોગને થંભાવવારૂપ ધ્યાન અહીં નથી. એ કર્મપ્રકૃતિઓનાં નામ તથા અન્યપણ વિશેષ કથન બીજા ગ્રન્થો અનુસાર છે. તે સંસ્કૃતટીકાથી જાણી લેવાં. એ પ્રમાણે ધ્યાન નામના તપનું સ્વરૂપ કહ્યું.

આગળ તપના કથનને સંકોચે છે.

एसो बारसभेओ उग्गतवो जो चरेदि उवजुत्तो ।
सो खविय कम्मपुंजं मुत्तिसुहं अक्खयं लहदि ॥४८८॥

અર્થ :—બાર પ્રકારનાં તપ કહ્યાં તેમાં ઉપયોગને લગાવી જે મુનિ ઉગ્ર-તીવ્ર તપનું આચરણ કરે છે તે મુનિ મોક્ષ સુખને પ્રાપ્ત થાય છે. કેવું છે મોક્ષસુખ? ક્ષય કર્યો છે કર્મપૂંજ જેણે તથા અક્ષય છે—અવિનાશી છે. જેટલો કાળ સંસારનો છે તેનાથી અનંતગુણોકાળ મોક્ષનો છે. કેમકે સંસારનો અંત આવી જાય છે. મોક્ષનો અંત આવતો નથી. ભૂતકાળથી ભવિષ્યકાળ પણ અનંતગુણો છે. માખણનું ઘી થાય પણ ઘીનું માખણ હોય નહિ. એમ મોક્ષમાંથી જીવ પાછો સંસારમાં આવતો નથી. જે મુનિ પોતાનામાં ઉપયોગને જોડે છે તેને એ મોક્ષ થાય છે એમ કહેલું છે. બીજી કોઈ ક્રિયાથી મોક્ષ થતો નથી.

ભાવાર્થ :—આત્મામાં ઉપયોગ લગાવે તેને ઈચ્છાની ઉત્પત્તિ થતી નથી એનું નામ તપ છે. અને તે તપથી સંવર અને નિર્જરા થાય છે. તે બન્ને મોક્ષનું કારણ છે. કોઈપણ મુનિ ઉપર કહેલાં બાર તપને આચરે છે તેમનો મોક્ષ થાય છે અને ત્યારે જ કર્મોનો અભાવ થાય છે. તેનાથી જ અવિનાશી બાધારહિત આત્મિક સુખની પ્રાપ્તિ

થાય છે. એ પ્રમાણે આ બાર પ્રકારના તપનાં ધારક આ તપનાં ફળને પામે છે. તે સાધુ ચાર પ્રકારના કહ્યા છે.

(૧) અણગાર, (૨) યતિ, (૩) મુનિ, (૪) ઋષિ.

(૧) ગૃહવાસના ત્યાગી અને મૂળ ગુણોના ધારક સામાન્ય સાધુને અણગાર કહે છે. જુઓ, અહીં પ્રથમ ગૃહવાસ છોડે ત્યારે તો મુનિપણું હોય છે. એને બદલે કૂર્મા પુત્રને ઘરમાં કેવળજ્ઞાન થયું છે અને ઘરના માણસોને છરો હાથ આવતો નહોતો. તે કેવળીએ બતાવ્યો એમ માને છે તે વાત ખોટી છે. આવી કથાઓ શ્વેતામ્બરમાં આવે છે. વળી એલાયચીકુમારને નાચતાં નાચતાં કેવળજ્ઞાન થયું અને મરૂદેવી માતાને હાથીના હોદ્દા ઉપર કેવળજ્ઞાન થયું તે બધી વાત ખોટી છે. કેમકે ગૃહત્યાગ વગર મુનિપણું હોય નહિ અને મુનિપણા વિના ત્રણ કાળમાં કેવળજ્ઞાન હોય નહિ.

(૨) ધ્યાનમાં રહીને જે શ્રેણિ માંડે તે યતિ છે. અત્યારે જે દવા વગેરે કરે છે તેને યતિ કહેતા નથી પણ પુણ્ય–પાપના પરિણામ થવા ન દે અને સ્વભાવની યત્ના કરે તેને યતિ કહે છે. (૩) જેમને અવધિ, મનઃપર્યય, કેવળજ્ઞાન હોય તે મુનિ છે. અહીં જ્ઞાનની પ્રધાનતાથી વાત કરીને જ્ઞાનની વિશેષતાની અપેક્ષાએ અવધિજ્ઞાની મનઃપર્યયજ્ઞાની અને કેવળજ્ઞાનીને મુનિ કહેલ છે.

(૪) જે ઋદ્ધિધારક હોય તે ઋષિ છે. આ ઋષિના પણ ચાર ભેદ છે.

(૧) રાજર્ષિ, (૨) બ્રહ્મર્ષિ, (૩) દેવર્ષિ, (૪) પરમર્ષિ. ત્યાં વિક્રિયાઋદ્ધિવાળા રાજઋષિ છે. નગ્નદિગમ્બર મુનિ સંત હોય અને એમને શરીર નાનાં મોટાં જેવાં બનાવવાં હોય એવાં બનાવવાની ઋદ્ધિ પ્રગટી હોય એને રાજર્ષિ કહે છે. અક્ષીણ મહાનસ ઋદ્ધિવાળા બ્રહ્મઋષિ છે. હાથમાં પોતે કોળિયો લીધો હોય એમાંથી હજારો, લાખો માણસો જમી શકે એવી ઋદ્ધિ હોય અને જ્યાં આહાર માટે ગયા હોય ત્યાં જેમાંથી આહાર આપ્યો હોય તે આહારમાંથી લાખો કરોડો માણસો જમે પણ ખૂટે નહિ એવા ઋદ્ધિધારીને બ્રહ્મઋષિ કહે છે. આકાશગામી એટલે ચારણઋદ્ધિવાળા દેવઋષિ છે. આકાશમાં ચાલવાની જેને ઋદ્ધિ પ્રગટી હોય તે દેવઋષિ છે અને કેવળજ્ઞાની પરમઋષિ છે. આ ચાર પ્રકારની ઋદ્ધિ મુનિને હોય છે. મિથ્યાદૃષ્ટિ ભાન વગરના સાધુ થાય એની અહીં વાત નથી, એને આ જાતની ઋદ્ધિ હોય નહિ એમ સમજવું.

આગળ ગ્રંથકર્તા શ્રી સ્વામીકાર્તિકેયમુનિ પોતાનું કર્તવ્ય પ્રગટ કરશે એટલે આગળની ગાથામાં આ ગ્રંથ બનાવવાનું પ્રયોજન આચાર્યદેવ કહેશે. *[ક્રમશઃ]*

*

# મૃગસેન માછીમારની કથા

[ગતાંકથી ચાલુ]

શ્રીદત્તના ઘરની નજીક એક શ્રાવક રહેતા હતા. એક દિવસ શિવગુપ્ત અને મુનિગુપ્ત નામના બે મુનિરાજ આહાર માટે આવ્યા. આહાર બાદ જ્યારે મુનિ પાછા જંગલમાં જવા લાગ્યા તો મુનિગુપ્તની દ્રષ્ટિ ધનશ્રી પર પડી. તે સમયે તે શ્રીદત્તના આંગણામાં ઊભી હતી. તે સમયે તેની દશા શોચનીય હતી. કુકવિની કવિતા સમાન તેની દયનીય દશા જોઈને મુનિગુપ્તે શિવગુપ્ત મુનિરાજને કહ્યું કે ''પ્રભો'' આની દુર્દશા જોઈને લાગે છે કે અવશ્ય આના ગર્ભથી કોઈ અભાગિયાનો જન્મ થવાનો છે. ત્યાર શિવગુપ્તે મુનિગુપ્તને કહ્યું કે તમારું આ અનુમાન ખોટું છે. આના ગર્ભથી એક પ્રબળ પ્રતાપી મહાત્મા જિનધર્મનો પૂર્ણજ્ઞાતા રાજસમ્માનનું પાત્ર થશે. યદ્યપિ તેનો જન્મ વૈશ્યકુળમાં થશે તથાપિ વિશ્વમ્ભરની રાજપુત્રી સાથે વિવાહ થશે તથા રાજવંશ તેની સેવા કરશે.

મુનિરાજની ભવિષ્યવાણી સાંભળી ઈર્ષાળુ શ્રીદત્ત હૃદયથી કોસવા લાગ્યો. જ્યારે તે ગુણપાલનો મિત્ર હતો તોપણ જાતિભાઈઓની મોટાઈ ન જોઈ શક્યો અને તેણે જન્મતા જ બાળકને મારવાનો નિશ્ચય કરી લીધો. સાચું કહ્યું છે કે—

દુર્જન શત્રુ અકારણ મિત્ર બની જાય છે. પહેલાં તો શ્રીદત્ત બીચારી ધનશ્રીને અત્યન્ત દુઃખી કરતો હતો. પરન્તુ હવે એની સાથે ખૂબ પ્રેમથી વ્યવહાર કરવા લાગ્યો. પ્રસવકાળનો સમય આવતાં ધનશ્રીએ પુત્રને જન્મ આપ્યો. પરન્તુ પ્રસવની વેદનાથી તે મૂર્છિત થઈ ગઈ. પાપી શ્રીદત્ત તો એ જ મોકાની રાહ જોતો હતો. તેણે વિચાર્યું કે બાળક તેજસ્વી છે અને આશરો આપવાવાળાનો જ નાશ કરવાવાળો છે એટલે તેને મારી નાખવો જ જોઈએ. તેણે જાહેર કરી દીધું કે મરેલો પુત્ર પેદા થયો છે. એવી રીતે બાળકને તેણે એક ભંગીને આપીને કહ્યું કે આને લઈ જઈને મારી નાખ. ભંગી તેને લઈ ગયો પણ બાળકનું તેજ જોઈને એના પર દયા આવી તથા તને એક સુરક્ષિત સ્થાન પર મૂકીને પોતાના ઘરે ચાલ્યો ગયો. શ્રીદત્તની એક બેન હતી તેનો વિવાહ ઈન્દ્રદત્ત શેઠ સાથે થયો હતો. તેને કોઈ સન્તાન ન્હોતું. બાળકના પૂર્વોપાર્જિત પુણ્યથી ઈન્દ્રદત્ત માલ વેચીને ત્યાંથી જ નીકળ્યો. રસ્તામાં ગોવાળના મુખેથી તે બાળકની હાલત સાંભળી જ્યાં બાળક હતો ત્યાં ગયો. બાળકનું અનુપમ સૌન્દર્ય તથા તેજ જોઈને ખૂબ પ્રસન્ન થયો. ત્યાંથી બાળકને ગોદ લઈને ઘરે લઈ આવ્યો. જેવી

રીતે આંખ મળવાથી આંધળાને, ખોવાયેલું મણિ મળવાથી મણિધર સર્પને સુખ થાય છે તેવી રીતે ખુશીના ઉપલક્ષમાં શેઠે ઘણાં ઉત્સવ કર્યાં તથા યાચકોને દાન આપ્યું.

પૂર્વોપાર્જિત પુણ્યના પ્રભાવથી પ્રાણીઓની આપત્તિ પણ સમ્પત્તિના રૂપમાં બદલી જાય છે. પાપી શ્રીદત્તને આ વાતની ખબર પડી ગઈ. તે પોતાના બનેવીના ઘરે ગયો તથા માયાચારીથી વાતો બનાવીને બેન તથા ભાણેજને પોતાના ઘરે લઈ આવ્યો. આ અક્ષરશઃ ઠીક છે કે :—

દુષ્ટ લોકોના મનમાં રહે છે કાંઈક અને કરે છે કાંઈક ! સજ્જનોનું મન, વચન તથા કર્મ એક સમાન હોય છે. બસ સજ્જનો તથા દુર્જનોમાં આ જ ફરક છે. પાપી શ્રીદત્ત પણ આ જ શ્રેણીનો દુષ્ટ હતો એટલે તે નિસહાય બાળકના ખૂનનો તરસ્યો થઈ ગયો હતો. આ વખતે પણ એક ચાંડાલને કાંઈક લાલચ આપીને બાળકને મારવા માટે સોંપી દીધો. પરન્તુ ચાંડાલને આ બાળકની સુન્દરતા પર ખૂબ દયા આવી. તેણે બાળકને નદી કિનારે એક પહાડની ગૂફામાં મૂકી દીધો.

સંધ્યા સમયે જ્યારે ગોવાળીયા ગાયો ચરાવીને પાછા આવી રહ્યા હતા ત્યારે થોડી ગાયો તે જ ગૂફા તરફ ચાલી ગઈ. ત્યારે લોકોએ જોયું કે ગાયો બાળકને ઘેરીને ઊભી છે. એમના થાનમાંથી દૂધ ટપકી રહ્યું હતું. આ સમાચાર તે લોકોએ પોતાના મુખીયાને–ગોવિંદને આપ્યા. એને કોઈ સન્તાન ન્હોતું. અતઃ તે બાળકને પોતાના ઘરે લઈ આવ્યો ને પુત્રવત્ પાલન–પોષણ કરવા લાગ્યો. તે રૂપમાં રતિપતિ કામદેવને પણ લજ્જિત કરતો હતો. નીલકમળ સમાન એના વિકસીત નેત્રોને જોઈને ભમરો પણ પોતાની મધુર ઝંકારથી પરાગના ભ્રમમાં હંમેશા એના કાન પાસે ગુંઝતો હતો. ચન્દ્રસમાન એની કાંતિ તથા સૂર્ય સમાન એનું તેજ જોઈને લાગતું હતું કે માનો પૃથ્વી પણ એક બીજા સ્વર્ગ સમાન છે. એવી રીતે જેમ જેમ તે બાળક બીજના ચન્દ્રમાની જેમ વૃદ્ધિ પામતો હતો તેમ તેમ બધી કળાઓ એની પાસે આવતી હતી.

એક દિવસ પાપી શ્રીદત્ત ઘી લેવા ત્યાં આવી ગયો. ધનકીર્તિ પર નજર પડતાં જ તેને ઓળખી ગયો અને થોડી વાર પણ જે શંકા હતી તે લોકોને પૂછીને શંકા દૂર કરી. ફરી મારવાનું ષડયન્ત્ર કરવા લાગ્યો. તેણે ગોવિન્દને કહ્યું–ભાઈ, મને એક અત્યન્ત જરૂરી કામ છે. આજ્ઞા આપો તો હું તમારા પુત્રના હાથે મારા ઘરે એક પત્ર મોકલું. ગોવિન્દે આજ્ઞા આપી. સત્ય છે કે :—દુષ્ટ લોકોની દુષ્ટતા જલ્દી ખબર ન પડે.

*[ક્રમશઃ*

*

[તા. ૧૦-૧-૯૯]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

★ ડીસેમ્બર મહિનાની રજાઓમાં તા. ૨૪-૧૨-૯૮ થી તા. ૨-૧-૯૯—દસ દિવસ સુધી અધ્યાત્મ-સાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં ટ્રસ્ટ તરફથી આયોજિત અધ્યાત્મતત્ત્વપ્રધાન શિક્ષણવર્ગ ખૂબ જ સફળ સિદ્ધ થયો. ઉત્તમ અને મધ્યમ બે વર્ગ રાખવામાં આવ્યા હતા. ઉત્તમ વર્ગમાં બ્ર. શ્રી ચંદુલાલભાઈ ઝોબાળિયાએ તથા મધ્યમ વર્ગમાં બ્ર. શ્રી વ્રજલાલભાઈ શાહે શિક્ષણ આપ્યું હતું. આવેલ મુમુક્ષુ બહેનોના અનુરોધને ધ્યાનમાં લઈને ટ્રસ્ટના આદેશથી બ્ર. આશાબેને બહેનોને શિક્ષણ આપ્યું હતું. આ શિક્ષણવર્ગનો લાભ લેવા માટે નાઈરોબી, લંડન, અમેરિકા અને ભારતભરમાંથી ઘણા જ મુમુક્ષુ આવ્યા હતા. આ દિવસોમાં મુમુક્ષુઓની વિશાળ સંખ્યાને લીધે ઉત્સવ જેવું દૃશ્ય લાગતું હતું.

★ **સમ્યક્ત્વજયંતી :—** પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૭મી સમ્યક્ત્વજયંતી તા. ૮-૩-૯૯, સોમવાર થી તા. ૧૨-૩-૯૯, શુક્રવાર (ફાગણ વદ-૧૦)—પાંચ દિવસ સુધી સોનગઢમાં રાજકોટનિવાસી શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર-પરિવાર તરફથી ઉજવવામાં આવશે. નિમંત્રણ-પત્રિકાની લેખન અને પ્રેષણની મંગલવિધિ સોનગઢમાં તા. ૧૪-૨-૯૯, રવિવારના રોજ રાખવામાં આવશે.

## પૂજ્ય ગુરુદેવશ્રીનાં ૨૫૦૦ પ્રવચનોની સી.ડી. (C.D.) દરેક મંડળોને ભેટ

અધ્યાત્મયુગસ્રષ્ટા સ્વાનુભવરત્નવિભૂષિત પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોનાં ટેપ-રેકોર્ડિંગ ઉપરથી સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ-પરિવાર, સાયન (મુંબઈ) તરફથી મીની ડિસ્ક (M.D.) માસ્ટર સેટ તૈયાર કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. હવે તેઓ તરફથી તે મીની ડિસ્ક (M.D.) ઉપરથી સી.ડી. (C.D.) માસ્ટર સેટ તૈયાર કરવામાં આવી રહી છે. જે કોઈ મંડળોને પોતાના મંડળમાં નિયમિત સી.ડી. પ્રવચનો સાંભળવા માટે જોઈતા હોય તેમને તેઓ તરફથી દરેક શાસ્ત્ર ઉપર એક વખતનાં પ્રવચનો (કુલ ૨૫૦૦ પ્રવચનો) ભેટ આપવામાં આવશે તેમ જ જે કોઈ વ્યક્તિઓને પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનોની C.D. જોઈતી હોય તેઓને તેમના ઓર્ડર મુજબ તૈયાર કરી આપવામાં આવશે.

પ્રાપ્તિસ્થાન :—

(૧) કેસેટ-વિભાગ, શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪ ૨૫૦

(૨) શ્રી હિતેનભાઈ અનંતરાય શેઠ, સાયન, મુંબઈ. ફોન નં. (૦૨૨) ૪૦૧૫૪૩૪

E-MAIL :—vitragvani @hotmail.com

**વૈરાગ્ય સમાચાર :—**

★ ચુડા નિવાસી (હાલ મુંબઈ) શ્રી જેચંદભાઈ શીવલાલ ગોસળીયા (વર્ષ-૮૯) જેઠ સુદ–૧૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણાં વર્ષોથી પૂજ્ય ગુરુદેવશ્રીના સત્‌સમાગમમાં આવેલાં; તેઓ વારંવાર લાભ લેવા સોનગઢ આવતાં. તેમને તત્ત્વની ઊંડી રુચિ હતી.

★ મુંબઈ (મલાડ) નિવાસી શ્રી કલાવતીબેન હરગોવિંદદાસ અજમેરા (—બ્ર. ગુલાબચંદભાઈના ભાભી) શ્રાવણ વદ-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

★ ચલાલા નિવાસી શ્રી વિનોદરાય જીવણલાલ ઝાટકીયા (વર્ષ-૬૬) તા. ૧૯-૧૧-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ઘણા વર્ષોથી સોનગઢ આવીને લાભ લેતા હતા.

★ સોનગઢ નિવાસી (હાલ મુંબઈ) શ્રી હંસાબેન ચંપકલાલ મોદી (—પૂજ્ય ગુરુદેવશ્રીએ સોનગઢમાં 'પરિવર્તન' કર્યું તે વખતે પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ ભક્તિ-અર્પણતા કરનાર શ્રી નાગરદાસ મોદીના પુત્રવધૂ) તા. ૩૦-૧૧-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

★ સુરત નિવાસી શ્રી ચેતનભાઈ રવજીભાઈ પટેલ (—સુરતના પ્રમુખ શ્રી હરિભાઈ પટેલના ભત્રીજા) તા. ૩-૧૨-૯૮ના રોજ કાર-એક્સીડન્ટથી સ્વર્ગવાસ પામ્યા છે. તેમણે છેલ્લા પંદર દિવસ સોનગઢ રહીને લાભ લીધો હતો.

★ વઢવાણ નિવાસી (હાલ વડોદરા) શ્રી પ્રવિણચંદ્ર કપૂરચંદ વોરા (વર્ષ-૬૨) તા. ૫-૧૨-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ સોનગઢમાં બ્લોક લઈને સોનગઢ વારંવાર લાભ લીધો હતો.

★ જામનગર નિવાસી જામનગર મુમુક્ષુ મંડળના પ્રમુખ તથા શ્રી સુંદરજીભાઈ વીરજીભાઈ વારીઆના સુપુત્ર શ્રી ધીરજલાલ સુંદરજી વારીઆ (વર્ષ-૭૫) તા. ૫-૧૨-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

★ મુંબઈ નિવાસી શ્રી સરસ્વતીબેન રતીલાલ શાહ (—શ્રી હીરાચંદ માસ્તર—દાદાના પુત્રવધૂ) (વર્ષ-૮૬) તા. ૧૦-૧૨-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં ઘણાં વર્ષો સુધી સોનગઢ સ્થાયી રહીને તેમણે ઘણો લાભ લીધો હતો.

★ લંડન નિવાસી શ્રી દેવચંદભાઈ રાયચંદભાઈ (વર્ષ–૮૫) તા. ૧૬-૧૨-૯૮ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘણાં વર્ષોથી પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરુપિત તત્ત્વજ્ઞાનનો સ્વાધ્યાય કરતા હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના. *

# * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* ખરેખર એક વસ્તુ બીજી વસ્તુની નથી તેથી બન્નેના પ્રદેશ ભિન્ન છે. આત્મવસ્તુથી શરીરાદિ પરદ્રવ્યો તો ભિન્ન છે જ પણ અહીં તો મિથ્યાત્વ રાગ-દ્વેષના જે પરિણામ છે તે નિર્મળાનંદ પ્રભુ એવા આત્માથી ભાવે ભિન્ન સ્વરૂપે છે. પુણ્ય-પાપભાવ તે આત્માથી ભાવે ભિન્ન છે, ભાવે ભિન્ન હોવાથી તેના પ્રદેશ પણ ભિન્ન છે. અસંખ્ય પ્રદેશી આત્મા છે તેનાથી આસ્રવના પ્રદેશ ભિન્ન છે, એ છે તો જીવના અસંખ્ય પ્રદેશમાં જ, પણ નિર્મળાનંદ પ્રભુ અસંખ્ય પ્રદેશી ધ્રુવ છે તેનાથી આસ્રવભાવના પ્રદેશ ભિન્ન છે. આત્મા અને આસ્રવની ભાવે ભિન્નતા છે તેથી તેના પ્રદેશને ભિન્ન કહ્યા છે અને આત્માના આશ્રયે પ્રગટેલી નિર્મળ પર્યાય છે તેને પણ આસ્રવવસ્તુથી ભિન્ન કહી છે. ભાવે ભિન્ન હોવાથી તેના પ્રદેશને પણ ભિન્ન કહીને આસ્રવવસ્તુ જ ભિન્ન છે તેમ કહ્યું. ૧૨૩.

* ભગવાન કહે છે કે ભાઈ ! તું પરમ પારિણામિક વસ્તુ છો, તું પૂર્ણ છો. તું તને પામર ન માન. તું વિકારી પર્યાયનો કર્તા નથી, અરે ! તું અવિકારી પર્યાયનો પણ કર્તા નથી એમ તને તું માન. જેમ પરદ્રવ્યનો તારા સ્વદ્રવ્યમાં અભાવ છે, પરદ્રવ્યનો અંશ તારા સ્વદ્રવ્યમાં આવતો નથી માટે તું પરદ્રવ્યનો અકર્તા છે, તેમ પર્યાયની સત્તા ધ્રુવમાં એકરૂપ થતી નથી, પર્યાયની સત્તા ધ્રુવની સત્તાથી ભિન્ન છે માટે નિર્મળ પર્યાયનો કર્તા સ્વ-દ્રવ્ય—શુદ્ધ પારિણામિકભાવ નથી. ૧૨૪.

* રાગ જીવની જ પર્યાયમાં થાય છે અને તેથી પ્રમાણ-અપેક્ષાએ દ્રવ્ય અને પર્યાય એક વસ્તુ હોવા છતાં, દ્રવ્યસ્વભાવ તો ત્રિકાળ શુદ્ધ અને ધ્રુવ જ્ઞાયકરૂપ છે અને રાગાદિ પર્યાય તો જીવવસ્તુનો ક્ષણિક વિભાવભાવ છે. માટે ધ્રુવ દ્રવ્ય અને ક્ષણિક વિભાવ પર્યાય વચ્ચે તદ્-અભાવસ્વરૂપ અન્યત્વ છે. બંને ભિન્ન છે. રાગાદિ વિભાવ તો ભિન્ન છે જ, પણ સમ્યગ્દર્શન આદિ નિર્મળ પર્યાય પણ ત્રિકાળી ધ્રુવથી અતદ્‌ભાવસ્વરૂપે ભિન્ન છે, કેમ કે એક સમયની નિર્મળ પર્યાયમાં આખું ધ્રુવ તત્ત્વ આવી જતું નથી, વર્તમાન પર્યાય જેવડું થઈ જતું નથી. ધ્રુવમાં જેટલું ભાવસામર્થ્ય છે તેટલું શ્રદ્ધાનમાં આવે, પણ મૂળ ધ્રુવ ચીજ ક્ષણિક પર્યાયરૂપ થાય નહિ. વસ્તુનો ધ્રુવ અંશ અને પલટતો અંશ સંજ્ઞા-લક્ષણ-પ્રયોજન અપેક્ષાએ ભિન્ન છે. આહાહા ! આવી વાત કોઈ દી સાંભળી ન હોય. ૧૨૫.

*

## 卐 પોતામાં પણ કાંઈ ફેરફાર કરવો નથી 卐

❀ આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે એટલે એની પર્યાય, ગુણ અને દ્રવ્ય બસ જાણનાર જ છે, ફેરફાર કરનાર નથી. પોતામાં પણ કાંઈ ફેરફાર કરવો નથી. જેમ વ્યવસ્થિત કાર્ય થાય છે તેમ જાણે છે.

❀ પ્રભુ! તારા દ્રવ્યની મોટપની તો શી વાત કરવી! પણ અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપ્યા ત્યાં હવે તને રાગનો આદર રહેશે નહીં,.....હવે સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ ને સર્વજ્ઞ થઈશ એમ તું નિઃસંદેહ જાણ.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦
મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઇલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૧૬૮/– અલગ]

356 SMT. KANTABEN M. AJMERA
MODI NO. 2, SITA BURI,
NAGPUR-440012